
# ઓડકાર આનંદનો



GJ 891.478
P 217 O

ડૉ. વસંત પરીખ

INDIAN INSTITUTE
OF
ADVANCED STUDY
LIBRARY, SHIMLA

# ઓડકાર આનંદનો

ડૉ. વસંત પરીખ

અક્ષરભારતી : ભુજ ૩૭૦૦૦૧

ODAKAR ANANDANO
apisodic tales
by Dr. Vasant Parikh

મુદ્રણ અધિકાર: ડૉ. વસંત પરીખ
વડનગર 384355

GJ
891.478
P217O

કિંમત : ૧૨=૦૦

પ્રથમ આવૃત્તિ, મે, ૧૯૯૪

પ્રત : ૨૦૦૦

INDIAN INSTITUTE OF ADVANCED STUDY
Acc. No 130208
Date 6-9-2010
SHIMLA

આવરણ અને મુદ્રણ સજાવટ : રમેશ ર. દવે

કોમ્પ્યુટર ટાઈપ સેટિંગ :
રંગદ્વાર સોફ્ટવેર સર્વિસિસ
એ-૬, પૂર્ણેશ્વર
ગુલબાઈ ટેકરા અમદાવાદ-380015

મુદ્રણ :
હરિઓમ પ્રિન્ટરી
દૂધેશ્વર રોડ
અમદાવાદ-380004

Library IIAS, Shimla
GJ 891.478 P 217 O
00130208

# અર્પણ

માનવ બનવા
મથામણ
કરતા સૌ સંગાથીને....

# તલકછાંયડા સમું આ જીવન

ડૉ. વસંત પરીખનો શબ્દ ઠાલો નહીં, સભર હોય છે. અહીં એ શબ્દ સુરભિત માનવ્યની પિછાન કરવા-કરાવવા પ્રવૃત્ત થયો છે. 'બહુરત્ના વસુંધરા'ની વિભાવના આ વ્યક્તિકથાઓથી ચરિતાર્થ થાય છે.

અહીં જેમની વાત થઈ છે એ સઘળી વ્યક્તિઓ નકરાં શરદ-અજવાળાં જ છે એમ કહેવા જતાં અતિશયોક્તિ-દોષ થશે. કવચિત્-કદાચિત્ અહીં અમાસનો અંધકાર પણ, એ છે તેવો જ આલેખાયો છે. જગત નર્યું શ્વેત-શ્યામ છે-એવું કોઈ કહે તો, વસંતભાઈ નહીં સ્વીકારે, એ કહેશે; શરદના ચંદ્રમાં ડાઘ છે અને અમાસના અંધારાને પણ સોનેરી કિનાર છે. દ્વૈપાયન વ્યાસે યુધિષ્ઠિર અને દુર્યોધન જેવા બે અંતિમોની કલ્પના કરીને માનવજાતને માત્ર ચેતવી છે. બાકી આ બધું સેળભેળ છે, ઓછુંવધું છે, ઉબડખાબડ છે-એની તો, એથી તો મજા છે.....

પર્વત-ખીણોથી ભરેલા આ જીવનની વાત પણ વસંતભાઈએ એવી જ આરોહ-અવરોહભરી શૈલીએ કરી છે. એમ થતાં, તલકછાંયડાની જે ભાત રચાઈ છે; વિષયવસ્તુની તેમજ નિરૂપણરીતિની, તે આસ્વાદ્ય છે.

વસંતભાઈએ એમની શબ્દસૃષ્ટિને લોકલભ્ય કરવાનું સ્વીકાર્યું છે એના આનંદ સાથે ઇતિઅલમ્ !

રમેશ મ. સંઘવી

ભુજ
તા. ૭-૫-'૯૪

# મારી વાત

શ્રી અનિલ કડકિયાની શબ્દ-આડ લઈને મારી વાત કહું ?

આયખું નાનું ને મને ઓરતા અપાર,
નાનકડી નાવ ને સામે કેવો પારાવાર
આયખું નાનું ને...

કોમળ આ કૂંપળ ને માથે આકાશ
ઝંખે સૂરજમુખી સૂરજ-સહવાસ
હું તો છું રાત અને ઝંખું સવાર
આયખું નાનું ને....

માનવીની વચ્ચે હું શોધું છું માનવ
શબરી પણ ઝંખે છે પોતાનો રાઘવ
ચારે બાજુ ભીંત, મારે ખોલવાં છે દ્વાર
આયખું નાનું ને...

વડનગર
તા. ૨૮-૪-૯૪

વસંત પરીખ

# ઓડકાર આનંદનો

□

ડૉ. વસંત પરીખ

# આપણું નાગરિક-પોત

1940-41નું વરસ. બીજી લડાઈ પૂરબહાર.
'અંગ્રેજોની બહાદુરીથી પીછેહઠ'
'મિત્ર રાજ્યોનો વિજયી પરાજય'
એવાં મથાળાં છાપે હોય.
અંગ્રેજો હારે છે - મિત્ર રાજ્યો પછડાટ ખાય છે.
આવી ખબરો ઉદાસ બનાવે.
કેમ જાણે જીવ કોચવાય. મન નંદવાય.
હવે, મનની પરત ઊખડી.
ફેરી ફરું એ ગાળે. મારગે અડચણ કરું.
મ્યુનિસિપાલિટીની મોટરો 'ધમધમ' આવે.
માલ-સામાન ઉપાડી લે. રડમસ ચહેરે ઊભો હોઉં.
અંગ્રેજ સાર્જન્ટ ઊભા હોય.
ગોરા-ઊંચા. અમારો નાનાં બાળકોનો સામાન
પાછો અપાવે. ટૂટી ફૂટી હિન્દીમાં સમજાવે.
પંપાળે. બેસવાની જગ્યા ફાળવે.
માંયલો નાગરિક વરદીમાંથી બહાર છલકાય.
અધિકારી કપડાંમાં જ. નગદ માણસાઈ.
નર્યો બાળપ્રેમ. આ બેઉ મનમાં મઢાયાં.
આખી અંગ્રેજ પ્રજા તરફ આદર.
નાગરિકના પાઠ એમની કનેથી શીખ્યો.
આપણું નાગરિક-પોત ફિસ્સું ફસ્સ્ નથી ?

# કામણગારો કસબ

1957ની સાલ.
પ્રભા નર્સ થઈ આવી નવી નવી.
પ્રસૂતિગૃહ માટે મકાન મળેલું
સામે-પાડોશ રમણભાઈ ને સુશીલાબહેનનો.
રાતવરત સુવાવડના કેસ આવે.
ભારે ખટાટોપ. બત્તીઓ બળે.
અજવાળાં થાય. અવાજ આવે.
ચહલપહલ રહે.
સામે ધક્કે આ પાડોશી.
સંકોચ અને દયા, જોડિયાં ભાઈબહેન
આમારા દિલે પાડોશી માટે નિત જન્મે.
ભારે અગવડ એમને. ઉજાગરા થાય.
જાગરણનો જબરો ઉપયોગ કરે.
દર્દી-સગા માટે ચા-પાણી.
નાસ્તો સુધ્ધાં ક્યારેક તૈયાર કરે.
સુવાવડ ટાણે સૌના જીવ પડીકે.
દર્દી - સગાં - નર્સ - દાક્તર.
વળી, અમે નવાં નવાં.
વસમી પળોમાં વરસે.
બીજે દિ' અગવડનો ઉલ્લેખ ઘેર ગયો.
હરખ કરાવે- બે જીવ છૂટા પડ્યાનો.
જાગરણનો બળાપો નહીં. 'વસ્તી' થઈ
કહી આનંદ મનાવે. અવસર ગણે.
ઘણાં વરસો ચાલ્યું.
રમણભાઈનો ધંધો - દળવાની ઘંટીઓ ચલાવવાનો.
પારકી પીડે રાજી થઈ દળાય.

દળાઈને સુંવાળા થાય.
કામણગારો કસબ.

## ભારે હૈયાનાં પાયલાગણ

1940નું વરસ. મુંબઈ નગરી.
બીજો ભોઈવાડો. શાકમાર્કેટ પર નિશાળ.
ચોથા ધોરણે ભણું.
અમારા 'માસ્તર' ભીખુભાઈ.
સરસ ભણાવે. લેસન આકરું આપે.
ન કરે એ માર ખાઈને છૂટે.
ભગતવાડીમાં એમની હજામતની પેઢી.
જ્યારે જવાનું થાય, ત્યારે દીકરા જેમ રાખે.
વાળ-નખ કાપી સરખા કરે.
પૈસા ન લે. વાળ કાપતા શીખવે.
શિક્ષણનો નહીં, કેળવણીનો જીવ.
શ્લોક - કવિતા - સુવાક્ય યાદ કરાવે,
નીકળું ત્યારે દલપતરામ કે મીરાંનું કશુંક.
કંઠે ભારે રંગ લગાડ્યો.
માથાનો મેલ કાઢે - કાપે,
ના, ના ભેળો દિલનોય.
કેટકેટલાના ભવમાં ભાવ ભર્યો 'સાહેબ' તમે !
હવે તો ભગવાન ભેળા રહે છે.
પાય લાગણ - ભારે હૈયાનાં, પહોંચશે ને !

## કથા : ભેળસેળ વિનાની કથા

હૉસ્પિટલમાં આયાના નાતે
એક બહેન જોડાઈ.
કહેવાતા ઊંચ વરણની.
પતિ ભારે વ્યસની. પ્રમાદે પીર.
ભક્તિ - શક્તિ રેડી કામ કરે.
બાકી કાળજે દુઃખના કોથળા.
બે દીકરીઓ થઈ.
સમજદાર ખરી. પ્રભાએ સમજાવી.
'કંતાઈ જઈશ.' માંડ ૨૫ વર્ષની.
અઢી દાયકા પહેલાં ક્રાંતિનું કામ કર્યું.
દીકરીઓને દીકરા માન્યા.
ઑપરેશન કરાવ્યું. હળવી ફૂલ થઈ.
પતિ સાથે ગોઠવાતી જતી હતી.
ધોળાં કપડાં સજી, ફરે ખાટલે ખાટલે,
જાણે દેવી.
કોણ જાણે ! આપમેળે છૂટી થઈ.
જીવન સીધી લીટી નથી. એ તો નદીનું વહેણ.
આગળની કથા-ભેળસેળ વિનાની વ્યથા.

## ભીનો ન થાય તો, ભાગ્ય એનાં !

કટોકટીનો કાળ.
ભારત આખું બંદી.
બંદા પણ જેલમાં. જેલે પહેલો ઉનાળો.

૩૨' x ૧૬'માં ૨૦ને પૂરેલા.
બારીબારણાં કેદીઓ માટે બંધ.
બારીએ જાળીઓ ખરી.
પવનદેવને પ્રવેશબંધી.
ભારે ઉકળાટ. સાંજે છએ પૂરે.
સવારે છએ ખોલે.
કોને કહીએ ! સામે ચાલીને પોંખાયેલા પછી ?
એક દિવસે - સવારના દસનો સમય.
ઑફિસમાં ચણભણાટ. બેનનો અવાજ.
અવાજ ઊંચો તોય ભીનો; રડમસ.
ખબર મળ્યા. મારી સ્નેહીની પુત્રી.
વૈદેહી. મોટોભાઈ ગણે. પ્રભા સાથે આવેલી.
જેલર જોડે બાટકી. 'પંખો કેમ ન રાખવા દો' ?
'એ પંખો જેલને ભેટ. વીજળી બીલ ભરશું.
ભાઈને ક્યાં તાપે બાળો. કાંઈ ગોરખધંધા નથી કર્યા.
ગુનેગાર થોડા છે ? પરગજુ હતા. થયા બહાદુર,
તે દુઃખ વહોર્યું. પંખો અમને મોકલવા જ દો''
સ્નેહને જેલ-મહેલના ભેદ !
લાગણીને લોખંડ-સળિયે શે પુરાય !
નિર્મલ પ્રેમ જડ કાયદાને અભિષેકે !
ભીનો ન થાય તો ભાગ્ય એનાં.
મારી એ બચૂકડી બહેનની તડપન.
તડફડ કરી ચૂકી. કાનૂને નકારી.
એને આકરી કરી મૂકી.
જેલર જ કાનૂનના કેદી ત્યાં !
કાનૂનની જટા કરુણાની ગંગા ઝીલે ? ? ?

## અલ્યા, દાકતર થઈને તો હમજ !

ત્રણ દાયકા પૂરા.
વિઠ્ઠલદાસ લાકડીને ટેકે હજી દર્શન દે છે.
મોતિયા બેઉ આંખે.
વારાફરતી ઉતારેલા.
એક ફાંકડી. બીજીએ ગરબડ.
અંતે બીજી ભગવાનની.
મળવા - દેખાડવા આવે ત્યારે મસ્તીથી હસતા જ હોય.
જવાન હું. વૃદ્ધ એ. મારી પીઠ થાબડે.
મને - હું અપરાધી લાગું. કળી જાય.
ખુશમિજાજીને પરણેલા. જીવ બાળું. ત્યાં બોલી ઊઠે.
"કેવી ફાંકડી છે આ આંખ ! ગીતા-રામાયણ બધું વાંચે."
મને ટકોરે - ટપારે, "અલ્યા, દાક્તર થઈને તો હમજ -
વાવીએ એટલું ઊગે નહીં - મળ્યું, રહ્યું, બચ્યું, એ આપણું.
ઢળ્યું, ગયું, એનાં રોદણાં શું ?"
ઉપનિષદનો મંત્ર.

## પછી પવિતર - માવિતર ગણાયાં

શાસ્તરમાં આભડછેટ ક્યાં ?
ભારત આખું આ રોગે પીડાય.
ભારે બેઆબરુ થઈએ છીએ.
અમારો જનમ કહેવાતી વાણિયા ન્યાતે.
પ્રભાએ નર્સનું ભણતર પૂરું કર્યું.
સુવાવડનું કામ - 1957ની વાત - સૌ હલકું ગણે.

ગાંધી માંડ છૂઆછૂતનું ભૂત કાઢી,
જેહાદ જગાવી તાજા પોઢેલા.
પ્રભાએ કામ શરૂ કર્યું.
બધા દાયણ જ ગણે. કપરા દન.
પોતીકાં પણ અભડાય અમારાથી.
અમને આ વાતે હરિજનો તરફ વધારે ખેંચ્યાં.
બેસતે વર્ષે પહેલાં એ વાસે.
પછી મંદિર - મહાદેવ કે સગે-ઓળખીતે.
વખત જતાં - આ વિદ્યા સૌને ખપ લાગી.
પછી પવિતર ગણાયાં.
માવિતર ગણાયાં.
રહસ્ય મળ્યું.
જગતમાં સૌ વાદો 'ઉપયોગિતાવાદ'ની હેઠ.

## પોંખણું પ્રકાશનું !

મહેસાણા ઢુકડેનું નગર-ગામ.
બાવીસ વર્ષની હરિજન બેન.
પરણાવેલી - વડનગર પાસેના ગામે.
દીકરીનો બાપ મળવા આવ્યો.
કોઈને સાથે લાવેલો.
એક આંખ ભગવાનની.
બીજીએ મોતિયો. લગભગ ભાળવું બંધ.
જમાઈએ હાથ ઊંચા કરેલા.
અવાજેય ઊંચો કર્યો જ હશે.
દીકરીને બાપ માટે અપાર...
વડનગર લાવી. "સાહેબ પૈસા નથી.
ઘરવાળા ખીજાય છે. બાપ સાવ ખાલી છે."
દાખલ કર્યા.

સવારે છોકરી ના મળે.
દર્દી પાસે કોઈ નહીં.
બાપ - દર્દીલા અવાજે કહે,
"સા'બ જમઈ હવારે દીકરીને લઈ ગ્યો"
ઑપરેશનમાં લીધા. કામ પત્યું
ત્યારે એ બાપજીવ બાળતો હતો,
"સા'બ નો બોલવાનું બોલતો હશે"
હું ક્યાં આવ્યો - એ એનું ધ્રુવપદ.
દીકરી માર ખાતી હશે - એ ભય.
એ જ ક્ષણોમાં નજર માટે પહાડ જેવો
મોતિયો બહાર હતો. હવે પ્રકાશ
એનો સોબતી હતો.
તોય લાગણીના તાર પ્રકાશને
પોંખવા નહોતા દેતા.

## આ તો ડૉ. જોશીનો વેલો !

જયંતિ ચૌધરી ખતોડાનો.
૧૦ વર્ષ માંડ થયાં હશે.
ફરિયાદ - માથાનો દુઃખાવો બે વરસથી.
એકનો એક દીકરો. ખૂબ દવાખાને ફરેલો.
આંખ તપાસતાં - મગજમાં ગાંઠનો વહેમ.
ફોટા - તપાસ થઈ. વહેમ પાકું નિદાન બન્યો.
અમદાવાદમાં ઑપરેશન.
હાજર રહેવાય માટે રવિવારે રાખ્યું.
સર્જન માન્યા.
ઑપેરશન પૂરું. હું બહાર નીકળી ગયો.
એ સર્જન, જયંતિના સગાને પૂછે કે
આ દાક્તરને શું ઠરાવ્યું છે ?

ગરીબ ખેડૂ. સાચા હાડનો. પરસેવાની કમાણી.
વાણીમાં ઢોળ ચઢાવતાં ન ફાવે.
વેણ નીકળી પડ્યાં. 'સાહેબ, પૈસા - સાપ ભેગા કરવાનું કામ તમારું.
આ તો પાડોશી દાવે આવ્યો છે. આવે ટાણે અમારું પાણીયે નો પીયે.
મન ખેંચાય - તે આવ્યો. આ તો ડૉક્ટર જોશીનો વેલો.
તમને દાઝ હોય તો આઠના પાંચ લો ને.'
દરિયાવદિલ - સંવેદનશીલ સર્જને એટલું જ લીધું.
રકમ દક્ષિણા ! શબદ ઝકઝોરી ગયા ! જાગરણ !

## ઉઘાડ ધમાલે ઢંકાઇ ગયેલા ધરમનો

તારંગાની ગોદે ગામ વધાર.
એક જ કોમની વસતી.
અમારે દરવાજે મોડી સાંજે સાદ.
'હાલજો ભાઈ, ભેળા. સુવાવડનો કેસ છે.'
વિસનગરથી જીપ આણેલી.
સારથી શિખભાઈ. અમે બેઉ ઊપડ્યા.
રાતે નવે ત્યાં. શિયાળુ દિવસો પૂરા થયેલા.
ત્યાં વાતાવરણ ભડકાવે એવું.
ખાસ્સું ટોળું, એક ઝાડ પાસે જમા.
ભોંયે લાશ પડેલી. 'દાક્તર
આ પડ્યો ને મર્યો. એવું 'સર્ટી' આપો.'
ક્યાં સુવાવડનો કેસ - ક્યાં આ તરકટ ?
થયેલું આવું — આંબાની તકરારમાં
આને કોઈએ લટકાવી માર્યો.
હવે ખૂનને આપઘાતમાં ખપાવવું.
ઘડીભર મૂંઝાણો. ત્યાં તો જીપ પર ધડાધડ લાકડીઓ ઝીંકાણી.
અમે 'સર્ટી' ન આપીએ તો...
ત્યાં તો પડખે ઊભેલા સારથીએ કાઢી રિવૉલ્વર.

તાડૂક્યો. 'ખબરદાર. દાદાગીરી હેઠે મૂકો.
જૂઠું બોલી - દાક્તર ને બેનને અહીં લગી તગેડ્યાં.
અંબોરણમાં ગુંડાગીરી.'
ફટ, 'હૃદયપરિવર્તન' !
'સા'બ, હાચા માણહને હેરાન કર્યા.
જવાન તો ખોયો - જબાન પણ ખોઈ'
ધમાલને દિલે ઢંકાઈ ગયેલા ધરમનો ઉઘાડ !

## અનુપમ દાન જીવન-અંશનું !

વડનગરથી છ કિ.મી. છેટે કહીપુર.
ત્યાંના એક ઠાકોર વદાજી.
વય ૪૫. એક આંખ અકસ્માતે રીસાણી.
બીજીને મોતિયો.
પરિવારમાં પોતે ઉપજાઉ નહીં.
ઝાઝેરી ગણતરીમાં નહીં.
હોસ્પિટલે આવ્યા. ઓપરેશન થયું.
ભગવાન કૃપાથી. ભાળતા થયા.
સ્થિતિ અત્યંત ગરીબ.
'ઘેર કોણ કરશે' ચિંતા કોરે.
વધારે દિવસ રાખ્યા.
પછી તો અહીં રહેવું છે - કહી, છ વર્ષ રહ્યા.
ચોકી જેવું કામ કરે.
મન રેડે. ફરજ બજાવે.
થોડી રકમ બચાવી જમીન લીધી.
છૂટા થયા. ખેતી કરે.
વાર-તહેવારે ભેળા થાય.
જીવનના અંશનું અનુપમ દાન અમને દીધું.

# આલાપ હજી ગૂંજે છે !

લીલો દુકાળ માથે.
ભારે વરસાદ. સરકારી પ્રાથમિક શાળાઓ જોઈ.
માંયલો બળબળે. 'દેવનાં દીધેલાં કયાં બેસે છે ?'
ભણવાનું તો ઠીક. સલામત છાપરુંયે માથે ખરું ?
ભોંયે બેસવા તળિયુંયે કોરું ખરું ?
લખ્યો લેખ. મહામના વાસુદેવભાઈએ સંદેશમાં છાપ્યો.
ગાંઠ વાળી - ગામને બગીચે નવી નિશાળ બાંધીએ.
એક વડીલને મળ્યો. હાલો ઉઘરાણું કરવા. મને કહે, મેલ પંચાત,
તારે દીકરા - દીકરી નહીં ને...
તોય સાથ દીધો. પૂ. જોશીજી સાથે ફર્યા.
મંડ્યા ફાળો ભેગો કરવા. ગયા મુંબઈ.
૧૨' x૧૨'ની ઓરડી. સ્વદેશી માર્કેટનો માળો.
એક સજ્જન રહે. નામે બાલમુકુન્દ દવે.
મળ્યા. રાજી થયા. વાત કરી. કહે લખો,
તમારે જે લખવા હોય તે. અમે બેઉ દાક્તર.
નિદાનમાં અટવાયા. સામસામું જોઈએ.
આ ક્યાં રોગ પારખવાનો હતો ?
ઓરડી જોતાં - અમારી છલાંગ અઢીસેં કે પાંચસેની.
ત્યાં તો એ જ મદદે. લખો બે હજાર ફલાણા નામે.
બે બજાર ઢીંકણા નામે - ત્રીજા - ચોથા .. નામો બોલતા ગયા.
હજારોનો આંકડો... પંડે એકલા. બાળક નહીં.
તમામ બાળકોને ખોળે લીધાં.
રોમેરોમ આનંદ જ નહીં બ્રહ્માનંદ.
રકમનો નહીં, સાંકડ માંકડ વેઠી, ત્રેવડ ત્રીજો ભાઈ કરી,
ગંગેર દિલાવરી દર્શાવી એનો.
હૈયાની દિલરૂબા પર એ
દિલેરી આલાપ હજી ગૂંજે છે.

# પ્રકાશ ઝળાંહળાં અંતરે મારે !

મુંબઈની કે. ઈ. એમ. હૉસ્પિટલમાં તાલીમ લઉં.
ત્યાં એક તેજસ્વી બહેન ડૉક્ટર.
સુધાબહેન સુતરીયા. આંખનાં નિષ્ણાત.
ધાણી ફૂટે એવું 'અંગરેજી' બોલે.
ભગવાને કર્ણની ઉદારતાથી દીધેલું રૂપ.
કામ એમના રૂપ જેવું રૂપાળું.
નાના ભાંડુની જેમ સાચવે,
શીખવે, વાંચવા આપે, પૂછે.
સાધનો વાપરતાં શીખવાડે આંખ-તપાસનાં.
સમજાવે. મને ખાદીને કપડે જુએ એટલે
આદર આપે.
તાલીમ પૂરી. વડનગર પરત.
અવારનવાર પરિષદોમાં મળે. પત્રો લખું. સંબંધ એક માર્ગી.
સાત વર્ષ પહેલાં એમને અકસ્માત થયો,
મુંબઈથી નાગપુર જતાં. મુંબઈની 'બોમ્બે હૉસ્પિટલે' ભરતી.
ગયો મુંબઈ. રૂમ બહાર પાટિયું : 'મુલાકાતી ન આવે.'
ત્યાં નર્સબહેન નીકળ્યાં. ચિઠ્ઠી આપી. બોલાવ્યો અંદર.
નર્યો ઉછેર અંગ્રેજીયતમાં. ભણતરેય એવું જ ભળેલું.
અવાક્ હું એમની સ્થિતિ જોઈ. રોઉં રોઉં. મૌન.
ત્યાં ભીતરની ભારતીય નારી ઉપસી. 'પ્રભુકૃપા, પરીખ. હાથે-પગે-થાપે ફ્રેકચર.
કપાળે ઈજા છે. બચી ગઈ. જીવી ગઈ. ઓપરેશન કરી શકીશ ને ?'
મેં 'હા' કહ્યું. 'તું એટલે દૂરથી આવ્યો. કેવો માયાળુ !'
બધી વાતો કરી. સાક્ષી ભાવે. 'પ્રાર્થના કરજે પરીખ, ઓપરેશન કરતી થઈ જાઉં.'
ભરયૌવને વૈધવ્ય વેઠેલું.

મસ્તીથી જીવે. ભારતની ભોમકામાં ભંડારેલું અધ્યાત્મ.
એ જ જીવન જળ-બળ.
આંખમાં ઉદાસી નામે નહીં.
એમનો ગૌર દેહ. ભીતરના પ્રકાશને બહાર આણી ઓરડે ને મારે અંતરે ઝળાંહળાં.
દેહભાવનાથી અધ્ધર.
આ સંપદા 'સુધા' વરસાવતી હતી.

## મહેનતને માંડવે વૈભવ બનશે દ્વારપાળ ?

ભૂધર નામે બાળક. ચમાર ભાઈ.
માંડ દસ વર્ષનો. ભોળો ભારે
ચપળ ખૂબ. ભેળો રહે. હૉસ્પિટલની
સફાઈમાં મદદ કરે.
ભણવામાં દિલચોર. ચારેક વર્ષ રહ્યો.
ગાયબ એક દિવસ. ભાળ મળી.
મુંબઈ ભેગો.
આ ૨૫ વર્ષમાં બે ત્રણ વાર આવ્યો હશે.
મળે. પગે લાગે. ચહેરો હસતો.
દિદાર સુધરેલા.
1993ના ઓક્ટોબરે મળ્યો.
"જમીન અલાવો. કારખાનું કરવું છે."
ભેળસેળ ગુજરાતી. નગરના છેડે સહકારી ઔદ્યોગિક વસાહત.
ત્યાં જમીનનો એક ગાળો અપાવ્યો.
પૂરા પૈસા તરત ગણી આપ્યા.
ભારે ચોકખો.
મુંબઈની વાતો કરી. મહેનત, જહેમત, મથામણથી રળ્યાં.
આ દશેરાએ લગીલગીને અમ બેઉ જો[illegible]
હૉસ્પિટલથી સૌને નોતર્યાં.

ઓડકાર આનંદનો

130208

ભૂમિપૂજને મારી આંખ, ઇઝરાયલી 'ટપક' ખેતી.
ભૂધરને 'કુબેર જોવા નહીં,
ઉદ્યમી - ઉદ્યોગપતિ જોવાનો લ્હાવો -
કયા દેશવાસીની છાતી ધમણ જ્યમ નહીં ફૂલે !
મહેનતને માંડવે વૈભવ દ્વારપાળ બનશે
એ જોવા જીવીશ ?

## કર્મણા ગહનો ગતિ !

અમારા પ્રદેશમાં એક ભાઈ.
વ્યવસાય, આપણને કઠે - શરમાવે એવો.
દક્ષિણ ગુજરાતેથી કન્યાઓ ખરીદે.
અહીં છંડાયેલા શીલહીનોને વેચે.
'૬૮ની સાલ. મારી વ્યથાનો નહીં પાર.
અરસપરસની ગરજ. તંત્ર બોદું.
બહુ સમજાવ્યો. નઘરોળ સ્વીકારે જ નહીં.
દક્ષિણ ગુજરાતે આઠ દસ દિવસ ફર્યો.
ત્યાં ય - આવું કંઈ નથી. ઉઘાડું સત્ય. તોય
ઢાંકી શકાય !
કાળનું કરવું તે,
એ ભાઈને અસાધ્ય ઝામર. બે આંખે.
અંધત્વ નિશ્ચિત. સમાધાન માટે ઑપરેશન કર્યાં.
ત્રણ વર્ષે થવાનું થયું. અંધત્વ.
પછી એને 'વેર' કે 'અપરાધી માનસ' વૃત્તિ
સળવળી.
કેસ કરવાની તૈયારી.
ત્યાં એને વિસ્તારના શાણા માણસો ભેટ્યા.
સમજાવ્યો. પરિભાષા નરી અધ્યાત્મની.
કરમ કાળાં કરો તે ફળ કડવાં વખ જ હોયને !
કર્મણા ગહનો ગતિ !

# મૌનનું મહિમાગાન

નેત્રયજ્ઞની ટોળીના લવકુશ.
આંખના સર્જન.
અમદાવાદના. જબરી જોડી.
એક ભક્તિમાં ગળાબૂડ.
કામ કરે ભક્તિથી.
નીતિને જ વરેલો.
નિતની ઘટમાળમાં ય ભગવાનને નો ભૂલે.
અમદાવાદથી બોધગયા.
ઘણે લાંબે. રસ્તે સેવા પૂજા ના ચૂકે.
બોલવે મધુર. સુઘડ રહે. ભાલે તિલક.
સૌના ગુણ જુએ.
નેત્રયજ્ઞે જોડાય તે કામ વગર વાત નહીં.
જાણે મૌનનો મહિમા ગાતો મુનિ.
નામ માધવ જોધાણી.
ફુરસદે સ્વામીનારાયણનાં વચનામૃતો સંભળાવે.
સાત્ત્વિક વાતો. કડાકૂટ નામ નહીં.
બિહાર નવ નવ વરસથી આવે.
બીજે ય નેત્રયજ્ઞે જાય.
અમારી ટોળીમાં ફૂટ નહીં.
ક્યારેક વા-તડ દેખાય.
માધવ બને ફેવિકોલ
સાવ ભગત. પરિવાર સમેત ક્યારેક દર્શન થાય..
ત્યારે ભક્તિનાં ફળ કેવાં !
વ્યવસાય પોતીકો, 'પ્રાઈવેટ પ્રેકટીસ' કરે.
તોય - તોય એના ચરણે
બેસવાની યોગ્યતા પામવાની બાકી.

# વાચ-કાછ-મન નિશ્ચલ રાખે !

બીજો જોડીદાર. નામે નવનીત.
આમ પણ નર્યું માખણ.
સમજણનો પિંડ. અહમ્‌શૂન્ય જીવ.
કર્તવ્યમાં જીવ કોળે.
મહર્ષિ અરવિંદના આરાધક.
વાચન વિશેષ. ઘેલું કશાનું નહીં.
સત્સંગનો શોખ.
કમાણી ખપ પૂરતી.
ધનનો લગાવ નહીં. અસંતોષ નહીં.
નિંદા, ઈર્ષ્યાનો સ્પર્શ નહીં.
ક્યાંક કશુંક, અમારા આયોજનમાં
ખૂટે, ખોટું - વાંકુ જુએ તો -
હળવેકથી - મોડેથી કાનમાં કહે.
કોયનીય ખોડ-ખાંપણ ન જોવા
કેળવાયેલી નજર. પોતાના કામમાં ય
કશું ય 'ચાલશે'ને પેસવા ન દે.
ઑપરેશન માટે વહેલો પહોંચે.
છેક લગણ રચ્યોપચ્યો રહે.
આ બેઉ અમ ટોળીનાં ફેફસાં.
ભગવાનનાં જ નામ.
માધવ - નવનીત. અમને થઈ જાય -
"ધન્ય ધન્ય એમનાં માતાપિતાને
ધન્ય ધન્ય એમની કાયા રે"
બેઉ મૂરતને શત શત પ્રણામ.
દોસ્તોની જોડી અજબ
ભગવાને ઘડી ગજબ.

# વાયદા અને એ પણ આવા કામે ?

યુવાન ૨૪ વર્ષનો.
હૃદયનો એક વાલ્વ બગડેલો.
મુંબઈ જઈ તપાસ કરાવેલી.
ઑપરેશન માટે જાન્યુઆરી ત્રીજીએ દાખલ થવાનું કહેલું.
એક દાયકા પૂર્વેની વાત.
ડિસેમ્બરની છેલ્લી તારીખ.
ખૂબ ફર્યો. રકમ માટે. મેળને છેટું રહ્યું.
કોઈકે વાત કરી. ભાઈ પાસે જાને.
સરસ જવાબ. "માણસ સારા પણ છે નિર્ધન. ખાલી ફેરો જ ખાવાનો ને ?"
તો ય કોઈએ ધકેલ્યો. રાત્રે સાડા આઠ. એના ભાઈ સાથે આવ્યો.
સાચુકલી વાત કરી. અમે બેઉ સાંભળી રહ્યાં.
પૂછ્યું કે હવે શું કરીશ ? બે ભાઈઓનાં મુખ ઉજાસીની બચુકડી વાદળી હેઠળ.
પ્રભા કહે કેટલા જોઈએ - તાત્કાલિક ? આમ તો ચાલીસની વાત.
પાંચ સાત હોય તો પહોંચી જવાય. દાખલ થઈ જાઉં.
પ્રભા પાસે રસોડાના ટ્રસ્ટના તાજા દાનના - આજે જ
આવેલા આઠ હજાર. આપી દીધા.
હળવેકથી જાણ્યું. ક્યાં ક્યાં વાત કરી આવેલો — મદદ માટે.
છ નામોની યાદી આપી. જિલ્લાનાં જ નામો. એ જ ઘડીએ ફોન.
હૈયું મારું દાઝેલું. સ્નેહાદરથી વારાફરતી ફોનથી પૂછ્યું,
દિલ ના હાલ્યું ? હાથ ના ઝાલ્યો ? વાયદા આવા કામે ?
શી દશા યૌવનની ? તરત ઠારતા જવાબો. રકમનાં વચનો.
વળી એ ગાળામાં ચોથીથી અગિયાર જાન્યુઆરી સુધી
પ્રભા મુંબઈમાં, ભણસાલી ભાઈઓ - મહાવીર ફાઉન્ડેશને
મળી - એક અડચણ પાર. સાજો સારો પરત.

સરકારી નોકરી. પૂરવઠા ખાતે - ગાંધીનગર. અધિકારી અળવીતરો.
ચોથે માળે બદલી કરી. ચઢ ઉતરમાં શેં જીવે. લિફ્ટ દર વખત મળે
ન મળે.
વડનગર મને મળ્યો. તે ટાણે ઝીણું જોનારા મનોહરસિંહજી પ્રધાન.
ઊભાં ઊભાં ફોનથી કામ કરી દીધું.
પરણ્યો. મજા કરે છે. યૌવનને પોંખો. સમાજ લીલોછમ.

## શ્રમના પરસેવે સરજાતી સાત્ત્વિકતા

ઈસ્પિતાલનું નવું મકાન થાય.
શ્રમિકોને જોઉં. એવું કામ કરે !
ખાય સૂકા રોટલા. સાથે કાંદા
મરચાં - ગાંગડી ગોળની.
મકાન માટે દાન મેળવેલાં.
તકતીઓ લાગે એમની.
પેઢી ચિતરાય આખી.
વિચાર ઝબક્યો.
આઠમા ધોરણે વિદ્યાર્થી.
કસબી. આરસની તકતીઓ બનાવે.
આપ્યું લખાણ. થઈ તૈયાર તકતી.
"જેમના શરીર શ્રમે,
ધબકતાં હૈયાઓની ઉષ્માએ,
આ માનવ સેવા મંદિરનું
નિર્માણ થઈ શક્યું
તે સૌ
શ્રમજીવીઓને
અભિનન્દન."
ભીંતે મઢાયું હજી છે.
કોઈને ઠેસ પહોંચી.

"મફત થોડી કરે છે મજૂરી - એમની તકતી કેવી ?"
કામચલાઉ - તથાકથિત માલિકોનાં નામ ભીંતે મઢાય.
તો ધબકતાં હૈયાં, 'કરાગ્રે વસતે લક્ષ્મી' જેવા હાથ,
પરસેવાનાં મોતી -
ભીંતે જ નહીં
કાળજે કોતરાય.
श्रमः संजायते वारिणाम ।
શ્રમના પરસેવે સાત્ત્વિકતા સરજાય.

## એના હાથે ચઢે એ નસીબવંતા !

નગર ડીસા. ગુલાબી જવાન.
નામ એવી પ્રકૃત્તિ - કિશોર
આંખનો સર્જન. આવડત અદ્‌ભુત
જેવો રૂપકડો એવો ઉદાર.
બિહારમાં ભણસાલી ટ્રસ્ટ નેત્રયજ્ઞો કરે -.
આખી પળોજણ 'કિશોર' સંભાળે.
દસ હજાર ઑપરેશનો થાય.
પોતીકી આવડતની કમાણી ખાસ્સી.
એ મૂકે ખસતી. ગુજરાત - બિહાર - રાજસ્થાન - આસામ
બધે આવે. ગોઠવે બધું એ. પંચમાં પૂછાઈએ અમે.
વિષ્ણુસહસ્રનો મંત્ર - अमानी - मानदः પોતે માન ન માંગે
બીજાને આપે.
એક વખત કહે, 'ભાઈ - આ હજારો ગરીબ દર્દી બરદાસીને
બે વાર શીરો આપ્યો હોય તો ! ખરચો ભગવાન આપશે'
એણે ચૂપમૂચૂપ કર્યું.
બીજે વરસે કહે, "મહેશભાઈ આટઆટલું કરે છે.
મારેય કપડાં દેવાં છે." મબલખ રકમનાં વહેંચ્યાં.
ઉત્સાહ એને રોમ રોમ. યમુનોત્રીનાં કરાળ ચઢાણો

નાનેરો ભાંડુ થઈ ચઢાવે
તો ગોમુખે હાથ ઝાલી દોરે. જાત્રા-તીરથ કરાવે.
મુસાફરીએ કે ઘરે, બીમારીએ કે લગનમાં
અજબગજબ કામ કરે. રસોઈમાં બહેનોને કોરાણે મૂકે.
રસિયો ભારે. કપડે - રહેવે બાદશાહ. ભાષા-સાહિત્યનો ચાહક.
સંબંધોનો કિમિયાગર. જાત, પૈસા, સમય હોમે.
રાતમાં માંડવા બાંધી દે, ડૂબતાને હાથ, દુઃખિયાને શાતા.
પત્ની ભક્ત હૃદયે પ્રતિભા પાલવે. બેઉ આસ્થાવાન.
માતા-પિતા પ્રણમ્ય.
આંખનું કામ એવું નકશીદાર.
જે એના હાથે ચઢે એ નસીબદાર.
ભારતીય પરંપરામાં કંડારેલો જવાન.

## સાથીદાર છે, સાધન નહીં !

તાલુકો ચાણસ્મા. એ
ભાઈ સરકારી અધિકારી.
સાધુચરિત.
એમની પત્નીને પહેલી સુવાવડે
મરેલું બાળક.
બીજી વખતેય વસમી વાત.
હૉસ્પિટલે લાવ્યા ત્યારે
ગર્ભાશય ફાટેલું - શિશુ મૃત.
રક્તસ્રાવ ખૂબ. સ્થિતિ ગંભીર.
ગર્ભાશય કાઢી નાખવું હિતાવહ.
વાત કરી. સહજ રીતે જ બોલ્યા.
મારી 'સાથી' છે. 'સાધન' નહીં.
ચૌદ પંદર દિવસ એવી સેવા; માથું નમે,
દિલ ખીલે ને

ચિત્તે ચિતરાય.
કહે છે નર્મદા સતીએ - રક્ત પીતિયા
પતિની સેવાકરેલી - આ 'સતા'
માટેના સાચા શબદની શોધમાં છું.

## પછી એ દોસ્ત બની ગયો !

વાડીલાલ ઈસ્પિતાલે શીખવા ગયો,
પ્રસૂતિનાં ઑપરેશનો.
પૂજ્યા સૌદામિનીબહેને સગવડ કરેલી.
એક કેસમાં તાજો શિશુજન્મ.
શિશુ રડે નહીં. શ્વસે નહીં. દાક્તરને તેડું.
સ્ફૂર્તિભરી ચાલ - લગભગ ધીમી ગતિની દોડ જ -
સુંદર કોટ પાટલૂન - ગળે ટાઈ.
શિશુ નીચે ટ્રેમાં. બસ એ તો ગોઠણિયે પડીને
કરવા લાગ્યો કરામત. કૃત્રિમ કરતાં કુદરતી
ઉપચાર. પોતાને મોઢેથી વાયુ ઝીંકવા માંડ્યો.
કોમળતા - એકાગ્રતા કેવી ? ભગવાન પમાય એવી.
કપડાં ગંદાં થવાની ચિંતા-ફિકર ને 'મોટું માણસ છું' એવું ભૂત —
બધું ય દૂર દૂર. નરી નવજીવન આપવાની ધૂન.
પેલા શિશુને ચૈતન્ય બક્ષ્યું વાયુએ.
કોટ-પાટલૂન ટાઈ - બધાં ધોબીને આંગણે જવા આતુર.
ડૉક્ટરના ચહેરે સંતોષનો ચમકાર ઝગારા મારે.
સિદ્ધારાજ જયસિંહ રણે વિજયી.
લગન - ચીવટ - વિજ્ઞાનની સમજ.
વ્યક્તિને કેવો પ્રાણવાન વ્યક્ત કરી બતાવ્યો.
પછી એ દોસ્ત બન્યો.
નામે ડૉ. નારાયણ પટેલ.

# હૉસ્પિટલ નહીં, તીરથ દેખ્યાનું પુણ્ય !

1960નું વર્ષ
કેન્દ્ર સરકારને ઝાઝેરી જીહજૂરી
કરી ત્યારે એક્સ-રે મશીન મળ્યું.
લોકોની ખપ જોગ ફી
૧૫-૨૦ રૂપિયા સંસ્થા લે.
ના પોસાય, તેનું દોઢિયુંય નહીં.
કોંગ્રેસના કોઈ પદાધિકારીએ.
દિલ્હી લખાણ મોકલ્યું.
"સરકાર મા-બાપે મફત
આપ્યું તે - સંસ્થાને ટંકશાળ પાડવા ?"
તપાસ આવી. ડૉ. ચક્રવર્તી અધિકારી.
સંસ્થા જોઈ. હકીકતો પૂછી.
સાધન જોયું. ઉપયોગ દેખ્યો.
પાડેલા એક્સ-રે જોયા.
પીઠ થાબડી.
પાસે બેસાડી પૂછ્યું :
'આ મશીન બગડે તો ?'
'કંપનીને લખીએ.માણસ આવે.
સરખું કરે. ગાડું ચાલે.'
પૂછે, "કેટલા દિવસો થાય ?'
૧૦-૧૫ તો ખરાં.
'એક કામ ના કરો ? બીજા મશીન માટે અરજી કરો.'
'બીજું જોડિયું મશીન માંગો.'
શેરો મારતા ગયા. 'હૉસ્પિટલ નહીં, તીરથ દેખ્યાનું પુણ્ય.'
કરી અરજી. મળ્યું બીજું. પછી ત્રીજું.
દિલ્હી લખાણ લખનારને માનસી પ્રણામ !

# ભોંઠપ કે સમજ  ! ખુદા જાણે...

એક દાતા. દાન આપ્યાની સભાનતા ઘણી.
એમના નાના ભાઈ બહેરા. પગે ખોડ.
કુંવારા રહેવું પડેલું. તેથી આદિવાસી બેન
ખરીદીને લાવેલા. ભરૂચ બાજુની દીકરી.
આ બેનને ત્રાસ. મારઝૂડ થતી હશે.
ગરીબ, દૂરની, ખરીદાયેલી, અસહાય.
શું કરે ? ક્યાં જાય ?
કોઈકે આંગળી ચીંધી.
આવી હૉસ્પિટલે. બરડે, સાથળે, હાથે મારની તાજી લીલી કચ એંધાણીઓ
દાખલ કરી. સારવાર સાંત્વન તો સાથે જ.
બીજે દિવસે દાતા પધાર્યા.
ધૂંવાફૂંવા. માંડ્યા ધમકાવવા,
ગુસ્સો એમનો ગાળો સિવાયની ભાષાને ન અડે.
કટુવાણી. ગળી ગયો. સાંજે ફરી આવવા વિનવ્યા.
બપોરે બેનને અમદાવાદ જ્યોતિસંઘે,
પૂ. હેમલતાબેન હેગિષ્ટે પાસે. વિધિ પછી વિકાસગૃહે.
ફરી દાતા આવ્યા.
મેં કહ્યું કે દાનથી કાર્યકર્તા ખરીદો છો ?
દાન, ખોટું કરવાનો - કરાવવાનો પરવાનો આપે છે ?
તમને એ દાનની રકમ પરત કરીએ -
બેન અમને પરત કરશો ? અરે બેનની ખરીદ કિંમત પણ આપીએ.
દાતા ધીરે ધીરે 'નાગરિક'ના સ્વાંગમાં.
માંયલો બંડ પોકારતો હશે.
ભોંઠપ કે સમજ ! ખુદા જાણે.
બેત્રણ માસે ગોઠવાયું.
હવે એ બહેનનું પિયર છે પ્રભાનું ઘર.

# ઔદાર્ય અને અદબની કલગી ઓપે તારુણ્ય-ભાલે !

રવિવાર. ખેડબ્રહ્માથી ઑપરેશન કરી ૪ વાગે આવેલો.
હૉસ્પિટલની નજીક ભારે ગોકીરો.
દોડ્યો. લૂંગી-સદરો પહેરેલાં.
લગભગ 1500નું ટોળું. તરુણો - યુવાનો, કૉલેજ - સ્કૂલના ને બીજા.
ખૂબ ઉશ્કેરાટ. ફોજદાર - પોલીસો - એસ. આર. પી.
એક માસથી એસ.આર.પી. ગામમાં.
કૉલેજના વિદ્યાર્થીઓ અને સંચાલકો વચ્ચે મડાગાંઠ.
વાત વટે ચઢી. સંચાલક તરફ ગુસ્સો. ઘર બાળીએ. મારીએ.
ક્રોધે ચઢીને આવેલું ટોળું, વિખરાય નહીં.
આકરાં પગલાં લેવાનું મન થાય એવી પળ.
ફોજદાર શ્રી પાઠકને વાર્યા. ચિંતા ના કરો. હમણાં વેરાઈ જશે વાદળ.
મેં ટોળાને નમસ્કાર્યું. ઝીલ્યું એમણે.
'મારે દીકરા છે ?' જથ્થાબંધ જવાબ 'ના.' 'તમે કોના દીકરા ?' બીજો પ્રશ્ન
કહે કે 'તમારા' 'થાઓ ત્યારે About Turn.'
ત્યાં એક ટોળા-નેતા કહે 'થાઓ અમારી ભેળા' ટોળું પાછું. સાથે હું.
સભા કરી. સમજાવ્યા કરતાં ખખડાવ્યા. સાંભળી રહ્યા. સંચાલકોને મળ્યા.
થયું સમાધાન. ઘડિયાં લગ્ન. માત્ર પુરોહિતની જરૂર હતી.
યૌવનનો ઉન્માદ જોયો - તો આમન્યાની અદબનો પાલવ પકડનારું તારુણ્ય.
વિદ્યાર્થીઓને જીત લાગી. બીજે દિવસે વિજય સરઘસનું આયોજન.
આજુબાજુની કૉલેજના પ્રતિનિધિઓ. બેન્ડ વાજાં. મોટા સરઘસની તૈયારી.
રોટલે બેઠેલાં. ત્યાં હાંફતાં હાંફતાં આવ્યાં સંચાલકનાં પત્ની.

'વસંતભાઈ, અમારી ઇમેજનું શું ?' રંગેલી ભીંતે ડાઘ ? સમાધાને છિદ્ર ?
કૉલેજ તરફ ગયો. પૂરી તૈયારી. સમજાવ્યા. પેલા બહારના વિદ્યાર્થીઓ નારાજ થયા. સરઘસ મોકૂફીમાં વિદ્યાર્થી આલમની પ્રતિષ્ઠા ખરડાય. નગરના વિદ્યાર્થીઓ - કહે પેલાઓને, સંભળાય મને : 'બાપ-દાદા અરે સી.એમ.નું ન માનીએ - પણ 'ભાઈનું' . . .
ઔદાર્ય અને અદબની કલગી તારુણ્યને ભાલે ઓપતી હતી.

## મા, તેં શાં શાં જાદુ નથી કર્યાં ?

સાબરકાંઠાનું આ રતન.
બે માસ પહેલાં મા ભગવાનને ઘેરે.
બાપ જતન કરી જાળવે.
૧૩ વર્ષનો હશે. નામે મુકેશ.
બાવળનું દાતણ લેવા જતાં આંખમાં કાંટો વાગ્યો.
મોતિયો થયો. બાપ ઓશિયાળો.
સ્થિતિ સાવ સામાન્ય.
માની યાદ મુકેશને તાજી.
વળી આ વ્યાધિ.
ઑપરેશન ઘેન સૂંઘાડીને કરીએ તો
થોડું જોખમ વધારે, ખર્ચ પણ વધારે.
મુકેશની વિચારની મૂડી સારી.
સમજાવ્યો.
આંખનો ભાગ બહેરો કરી કામ કર્યું.
ઑપરેશનમાં સહકાર - શાંતિ મુકેશનાં.
ભગવાન પાંસરો.
બીજે દિવસે યાદગીરી માટે મુકેશનો ફોટો.
'મુકેશ, જબરી હિંમત. શાબાશ.'
મનની વાત હોઠે આણી.

વિનયથી બોલ્યો, 'મા આવીને ઊભી હતી.
'બેટા ભો શો છે ? તારી પાહેં જ છું ને'
સ્મરણ મરણને હંફાવે.
આ તો માનું સ્મરણ.
પ્રભુ સઘળે હાજર ના રહી શકે
એટલે પ્રતિનિધિ - 'મા'
મા - તેં શાં શાં, કયાં કયાં જાદુ નથી કર્યાં !

## આજે પણ શેઠ શામળશા ?

અમદાવાદે એક ભદ્ર પુરુષ.
'મણીમામા'થી ઓળખાય. નર્યા સાધુ. જૈફ વયે ગયા.
સમાજને, અમને સૌને ઉજળા કરીને.
એમને કાળા મોતિયા. ૬૧ની સાલ. મુંબઈ બતાવેલું,
'ફાયદો થાય ન થાય' એવી સલાહ મળેલી.
વડનગર આવ્યા. ઑપરેશન થયું. ભગવાન વહારે.
ઑપરેશન પછી 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા' વાંચી શકે.
અમારો મિહિરભાઈ'૬૨માં ઈન્ટર પાસ.
મેડિકલ પ્રવેશે અમે ગુણમાં થોડાક પાછા પડ્યા.
કલકત્તામાં પ્રવેશ મળે. પંદર હજાર દાન પેટે ભરવા પડે.
નાણાં નહીં. મૂંઝવણમાં.
ત્યાં વીજળી ઝબૂકી.
મામાને ફોન કર્યો. વાત કરી. 'ફોન હેઠો મૂકી દો'
સામેથી અવાજ. ફાળ પડી. માગેલી લોન.
બીજે દિવસે માણસ સાથે રકમ.
હૂંડી સ્વીકારી નરસિંહની ! કલકત્તે લીધો પ્રવેશ.
થયો દાક્તર. આંખનો સર્જન. વિસનગરે હૉસ્પિટલ થઈ.
ઉપયોગી થવા મહેનત - મથામણ કરે.
એનો ભેળો એવો જ 'વરેલો આદર્શને' છે ડૉ. મહેશ ગાંધી.

કુશળ - વિનમ્ર. બહેનોનો દાક્તર.
ભારે કામ કરે છે. બેઉ બાંધી આવકે જીવે.
પડીકે બંધાયેલા જીવોને ઠારે છે.
કર્મ - અણુ જેવું. મોતિયો ઉતારવાનું.
ફળ કેવડુંક - તડબૂચ જેવું.
બલિહારી વિષ્ણુ તારી.

## વસુધૈવ કુટુમ્બકમ્ !

રંગીલે શહેરે વસે એક પરિવાર.
તાજો તાજો સ્નેહ સંબંધ.
મહેમાનગતે ગયેલાં. બે ત્રણ દિ' માટે.
મોટી જગ્યા. અમને અલાયદો ઓરડો.
સરભરામાં મણા નહીં. ખડે પગે સતત
સંયુક્ત પરિવાર. મસ્ત - સાદા માણસો.
ખાદી, પ્રાર્થના, સત્સાહિત્યમાં જીવ.
બપોરે બેઠેલાં. ઘરનાં મોભી બેનને
પૂછ્યું. પેલી દીકરી ઘરકામ કરે છે એ ક્યાં ?
તમે વાસણ અજવાળવાની
વાત કરો છો. એ મદદમાં નહીં ?
આપણ સૌને અજવાળે એવી વાત કરી.
'એને રમવા મોકલી છે. આપણી
હોય તો આ ટાણે રમે કે સૂવે જ ને !'
અને ઊઠ્યાં કામ કરવા. અરે પરિવારનાં
બધાં જ મંડ્યાં - વાસણ અજવાળવાં.
ખાદી પહેરી નહીં, જીવી જાણે.
બીજા એક બહેન - એમને ત્યાં
કામ કરે. વડનગરથી ગયેલાં. ત્રણેક માસે
ત્યાંથી આવ્યાં હશે. મળ્યાં. મળતાં જ કહે.

"સા'બ ભવોભવ આવા માણસ - મિઠાઈ-મેવો.
બીજામાં સાડીઓ. ટેશને મૂકવા હો'ત આવેલા.
ગાડી લઈને. ચૂપચાપ છેક છેલ્લે આ ઝોળીઓ."
વળી, આ બેન પાછા કામે જવાનાં ન હતાં.
'વસુધૈવ કુટુમ્બકમ્' તો થાય ત્યારે ખરું !
આંગણે ઊભેલાને અંદર આવકારવો.
જીવનનું ગણિત - આનંદનો ગુણાકાર.

## હારી ખાવું શા માટે ?

મારા દાકતર મિત્રનો નાનો ભાઈ.
એ ય દાક્તર. એનું ઍપેન્ડિક્સનું ઑપરેશન.
અમદાવાદમાં રહે. સાવ સામાન્ય વાત. સર્જન કાબેલ.
વાત વણસી. પાક થયો. પેટમાં પરું. તબિયત લથડી.
મને ખબર નહીં. ત્યાંથી બીજા એક મિત્રે ટેલિફોનથી જાણ કરી.
અમદાવાદ ઊપડ્યો.
સર્જનને મળ્યો. બિચારા વિલાયેલા.
દાક્તર મિત્રનો સમગ્ર પરિવાર દાક્તર.
જેનું ઑપરેશન થયેલું એની પત્ની સુધ્ધાં.
સર્જન બધાંને સમજાવે. ફરીથી પેટ ખોલીએ.
બધાં ના પાડે. તબિયત 'બાજી હારેલા' જેવી.
ન ખોલીએ તો પરિણામ નક્કી. મને સર્જન કહે કે તમે સમજાવો.
થઈ ઊભડક મીટિંગ. આનાકાની સૌની.
હારેલાં જ છીએ. ક્યાં નાહકની ચૂંથાચૂંથ.
આકળો થયો. કહ્યું કે આ કેમ મર્યો કોઈ પૂછશે
તો વૈજ્ઞાનિક જવાબ શો ? પૉસ્ટમોર્ટમ કરવું છે.
કરવા દો. આકરાં વેણ. સૌ સડક. તૈયારી થઈ.
ફરી ઑપરેશનની. ડૉ. વાણીકરજી જીવે. આવીને
અમારું લોહી આપી ગયા. ડૉ. ઠાકોરભાઈ અને સર્જનની

ભારે જહેમત. અમારી કિરતારને પ્રાર્થના. દરદીની પત્નીની માવજત.
કુટુમ્બીઓ ખડે પગે. નાવ સાગરમાં હાલકડોલક.
પણ અંતે કિનારે લાંગરી. દર્દી હરતો-ફરતો.
વિજ્ઞાનને મોકળાશ. આશા-આસ્થાને ખાતર
લાગણીને હળવાશ - તો લગભગ ચમત્કાર.

## હતપ્રભ હું !!

યાદને ખીલે જડાય એવી દાસ્તાન.
ગામની એક ગરીબ રાવરણબહેન.
શાક વેચે.
અવારનવાર બાળકોની દવા લેવા આવે.
પરિવાર પહોળો-બહોળો.
એક ચોમાસે ભારે વરસાદ.
ઘર પડ્યું. વાત કરવા આવ્યાં
ઘર સરખું કરાવ્યું. બાર જણ ઘરમાં.
એકાદ વરસ કેડે સુવાવડ માટે આવ્યાં.
બારમી સુવાવડ.
ગર્ભનિરોધના ઓપરેશન માટે વાત કરું ત્યાં તો,
બે હાથ કેડે, કહે, 'હું નથી થાકી ને
તમને શું થાય છે ?'
હતપ્રભ હું. સ્ત્રીનો અધિકાર ? વ્યક્તિ સ્વાતંત્ર્ય ?
શેં સમજાવું ? દેશ હાંફી રહ્યો છે,
કેટકેટલો બોજ ?
સમાજ ક્યમ - ક્યાં લગણ વેંઢારશે ?

# લાગણી પોલાદ કરતાંયે અડીખમ

કટોકટીમાં મહેસાણા જેલે.
ટિફિન ઘેરથી આવે.
વડનગરથી ૧૫ વર્ષનો ભાઈ લાવે.,
સૌનાં ટિફિન ખોલાય.
જેલમાં દેખીતો ભાઈચારો સારો.
સાથે વહેંચીને ખવાય. મારું ટિફિન.
કૃપણતાની છડી પોકારે. સમજાય નહીં.
પૂરણપોરી બે જ નીકળે. પછી સમજાયું
પત્ર લખ્યો.
જેની સાથે ટિફિન મોકલો -
તેને ટિફિનની વાનગી ભરપેટ ઘેર જમાડો.
રસ્તે એ પેટભેગું કરતો.
સહજ છે.
આપણે પેટ-પેટી બેઉ ભરીએ !
તો એ ખાલી પેટ ન ભરે !
અભાવને - લાલસાને - જરૂરિયાતને
નીતિ જોડે - માટી-માટલા જેવો સંબંધ ન હોય.
કાળવશ થયેલું આવું.
આ છોકરો દસ વર્ષનો હશે.
બાજુના નવાપુર ગામનો.
એક બપોરે પેટમાં ઈજા.
આંતરડું બહાર. માંડ માંડ બચેલો.
ઑપરેશન કરેલું તેથી લગાવ.
ભગવાને હેમખેમ રાખેલો. એ કુટુમ્બ
પછીથી વડનગર રહે. તેથી આ કામ ચીંધેલું.
હજી ય - અમારી જીભ - એના ફેરા.
લાગણી પોલાદ કરતાંય અડીખમ.

# આ તો દેવમંદિર !

સવારના છ થયા હશે. રવિવાર.
પહેલી સુવાવડે એક બહેન.
સાથે એમનો યુવાન ભાઈ.
મા નજીકના બહારગામે ગયેલાં.
બપોરે બે વાગે. ત્રીજી સુવાવડનો કેસ.
પાંચેક વાગે આ કેસ પત્યો.
ત્રીજો કેસ છ વાગે - સુવાવડ પાંચમી.
સાડા સાતે બાળકી જન્મી.
સવારના કેસવાળા પેલા ભાઈ - આવ્યા ઘરે.
ક્વીન્ટલ ગુસ્સો કપાળે. ભાષા મરચાની ભૂકી.
ન લખાય - એવું બોલે જાય.
ભાવ આટલો.
"અહીં પણ લાગવગ ! હદ થઈ ગઈ. પગ મૂકવાની જગ્યા ન રહી."
સમજણ - ગુસ્સાને છૂટાછેડા. સમજાવવા ખૂબ મથ્યા.
'ભાઈ ત્રીજી કે પાંચમી સુવાવડ તેથી તરત દાન મહાપુણ્ય થાય.
પહેલીમાં ઝાઝી વાર લાગે.
માને તો મરદ શાનો !
કેસ પાછો લઈ જવાનો આગ્રહ કરે.
પેલી બહેન દરદથી - ધમાલથી પીડાય.
ત્યાં તો બહારગામથી મા હાંફતે શ્વાસે
તાકડે જ પહોંચી. વાત જાણી.
દીકરાનો તાપ જાણે. સાનમાં સમજી ગયાં.
'ટપુ ગાંડો થયો છે ! તું પૂરા અડતાલીસ કલાકે અવતરેલો.'
'આ તો દેવમંદિર. હાથ જોડાય. હોઠે આવે
બા'ર નો ફેંકાય - જેમ તેમ નો બોલાય.'
સ્થળ - સ્થિતિ એ જ ! વ્યક્તિ - દૃષ્ટિ - સમજ અનુભૂતિ અલગ.

# હોય એ તો, ક્યારેક અકસ્માત ન થાય ?

અમારા નગરના સંપન્ન પરિવારની પ્રૌઢા બહેન.
ગર્ભનિરોધનું ઑપરેશન કરવાનું.
ઑપરેશન પહેલાં અંગ બહેરું કરવા કમરમાં ઇન્જેકશન.
આપ્યું.
નગરમાં - પ્રદેશમાં ઘરોબો ખૂબ.
સહી-મંજૂરીની વાત નહીં વિકસેલી.
ઇન્જેકશનનો 'શૉક' આવ્યો.
પ્રભુને પ્યારાં થયાં.
ધરતી મારગ આપે એ પળે જ સમાઈ જાઉં એવી લાગણી.
લાચારી રુંવે રુંવે.
નગરના ગણાતા નેતા - પહોંચ્યા એ પરિવારે.
પરિવારના મોભી પાસે, મૂક્યો મમરો.
કરો દાક્તર પર કેસ.
ઘરના મોભી ભારે ઠરેલ.
'વાત તો સાચી. ચાલો તપાસ તો કરાવીએ.
આ પહેલું ઑપરેશન કર્યું છે દાક્તરે ?'
પછી હળવેકથી કહે, 'બસેં થયાં એના હાથે.'
દ્વેષના ફુગ્ગામાંથી હવા કાઢી નાખી.
'આ તો અકસ્માત્'
એમને પોતાને ત્યાં ખટારા-મોટરો.
'અમારે રસ્તે અકસ્માત નથી થતા ?'
સંસ્થા સાથે આ પરિવાર સ્નેહાદરનો નાતો નભાવે,
આજ દન સુધી. ભીડ-મૂંઝવણે સલાહ લે, માને.
અમારી રોકટોકને વધાવે.
દિલેર દિલ રાખે.

# સદીઓથી સંઘરેલું ઘડીમાં નંદવાણું !

1993નો ઑક્ટોબર.
ગાંધી જયંતિનો આગલો દિવસ.
નગરમાં છમકલું.
પોલીસની ભીરુતા, પછી બહારની પોલીસના ધાડાની 'ભડવીરતા.'
આડેધડ જુલમ - માર.
મામલો બીચક્યો.
તોફાની ટોળાએ મસ્જિદ-દરગાહ બાળી-તોડી.
અમે ગામ બહાર.
મોડેથી જાણ. ભારે આંચકો.
સદીઓથી સંઘરેલું. ઘડીમાં નંદવાણું.
ગામના છ-સાત મોમીન ભાઈઓ
ઘેર મળવા આવ્યા. પૂ. જોશીજી હાજર.
અવાક્. ભારે દુઃખી. ક્ષમા માંગી.
બધું સરખું કરાવીએ - આપણા ખર્ચે.
કેવા ઉદાર ! 'તમારું દુઃખ જોઈને - અમારું
હળવું થયું.'
સમાત એમને વરેલી. શાંત-સ્વસ્થ.
ઈબાદતના સ્થાનનું અવમાન. આવેશ નહીં.
ઔદાર્ય અડીખમ. "અમે સરખું કરાવીશું"
નમી રહ્યા અમે.
આઠ દિવસે કેડે. સિદ્ધપુર ગયા. એમના ગુરુ પાસે. વેપારીઓ સાથે.
સરળ - ઉદાર - જ્ઞાની વિભૂતિ.
અમને સન્માન્યા. અમે 'મુજરિમ.'
હેઠે બેઠા. ક્ષમા માંગી. ખર્ચ વેઠવાની વાત કરી.
કહે કે, 'ક્ષમા માંગી. પ્રકરણ પૂરું' રોગચાળો ચારે કોર
Viral Disease - વિષાણુજન્ય રોગો - શેં રોકાય ?

'મનમાં ન લાવશો.'
મુઠ્ઠી ઊંચેરી માનવતા.
ઈસ્લામનો અર્થ શાંતિ - ચારે બાજુ છવાયેલો.

## લંકાનું માનસ આ તો !

1949નું વર્ષ.
મુંબઈમાં 'સાઈકલોન'નો ઝપાટો.
જબરો વેગ. અમારી બોર્ડિંગ.
દરિયાથી ઝાઝે વેગળે નહીં.
વિસ્તારની વીજળી ડૂલ.
બોર્ડિંગ પાસે એક દુકાન. મહીં વેચાય
પરચુરણ માલ.
વેપારીએ તકનો તડાકો કર્યો.
મીણબત્તી ત્રણ રૂપિયે. લાંબી કતાર.
થયું કે આ તો લંકાનું માનસ.
બોર્ડિંગથી થોડા દોસ્તોને લીધા
વેપારીને હેઠે ઉતારી માલનો કબજો લીધો.
બધાને Momentoમાં મીણબત્તી.
ચાર દિ' કેડે રકમ આપવા ગયા.
નો લીધી.
અમારા પરાક્રમ ટાણે પોલીસચોકી સામે.
ન માલિકે ફરિયાદ કરી,
ન પોલીસે કોઈ સળવળ.
માંયલો આજ લગણ ટોકતો નથી.
'તેં ખોટું કર્યું નથી' શાબાશ તો કે' 'ખરું કર્યું.'
મૂંઝવણ છે. નાગરિકનું વસ્ત્રાહરણ ને
યૌવનનું મૌન બે ય સામટાં ?
હલાવે રાખવાનું છે ?

## તપ નિષ્ફળ નીવડ્યાનું જાણ્યું છે ક્યાંય ?

ભૂદાન આંદોલન પૂરબહારમાં.
એણે કેટલાંકને ગૃહસ્થાશ્રમી કર્યાં.
એવી એક બહેન આસામની.
નામે મહેશ્વરી. ગૂજરાતના એક જુવાન
જોડે જીવ જોડીને આશ્રમ પરિવર્તન કર્યું.
ત્રણ બાળકો થયાં. એક દીકરો - બે દીકરી.
યુવાનને ચિત્તભ્રમ થયો. વિક્ષિપ્ત મન.
જતો રહ્યો.
આ બહેન ! ત્રણ બાળકો ! યોગક્ષેમનો પડકાર !
ઉછેરનો ભાર ! ન કશો આધાર.
પણ આ તો ભારતની નારી. ભીતર ઝળહળતું માતૃત્વ.
પડકાર ઝીલતું ખમીર.
સર્વોદયના કાર્યકર્તાઓ કૂણા - મમતાળું. ભીડે ભાંડુ.
બહેન ખાદીકામને વળગી રહ્યાં. વડનગરે સાવ એકલાં.
બાળકો સાથે રહ્યાં. લગભગ વગડો. શાળાના ચોગાનમાં
દૂર એક ખોલીમાં. સદાય હસતાં. ગરીબીની દીનતા નહીં.
ભવ્ય પરાક્રમનો દેખાડો નહીં. શ્વેત ખાદી. ડાઘ વગરનું જીવન.
બાળકોની આસક્તિ નહીં. પણ કાળજી પળેપળની. ઘડતર ગજબનું.
પરિવાર ખાદી કાંતે, વણે. અમ સૌ જોડે સંબંધ સ્નેહભર્યો.
તપ ક્યાંય વિફળ થયાનું જાણ્યું છે ? ગાંધી-વિનોબાની વિચારછાયા.
ભૂમિપુત્ર વાંચે. પરિવાર ખાદીધર્મી. બાળકો ભારે વિનયી. કતાઈ જ ધર્મ.
કાળ ઝૂક્યો. મહેશ્વરીબેનનાં ચરણ ચૂમ્યાં. દીકરો ગજેન્દ્ર સ્નાતક.
ભણસાલીમાં કામ કરે, એક દીકરી પાકું નર્સનું ભણી કામે. બીજી સ્નાતક.
નારાયણભાઈના સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલયમાં શિક્ષણ પામી.

જગદીશ શાહની કાળજી.
પૂ. મોટાભાઈની છાયા. સૌથી વિશેષ, નારીનું નીતર્યું પાવિત્ર્ય. માનું હીર ખમીર.
તપ, ત્રેવડ ને નિર્ધાર. હવે આસામે શેષ જીવન ગાળવાની ગોઠવણમાં. પરિસ્થિતિના ઘોડા પર અસવાર થનારી આ તપઃપૂતા નારીમાં અમને નકરી સાધુતા ભળાણી એ વિભૂતિમત્ત્વને ઝાઝેરાં પ્રણામ.

□

Acc. No. 130208
Date 6-9-2010

પ્રિય વસંતભાઈ,

પ્રણામ.

નગદ માણસાઈને આલેખતી તમારી લઘુ ચરિત્રકથાઓ-પ્રસંગકથાઓ વાંચી. મઝા પડી. પૂછો, શેની ? તો, એક તો એમાં પારકી પીડાએ રાજી થઈને દળાય એવા માનવીઓનો સાક્ષાત્કાર થયો અને બીજું એ કે તમારા ચિદાકાશની આ નક્ષત્રમાળાનો પરિચય તમે એવી અલગારી ભાષા-શૈલીમાં કરાવ્યો છે કે કથનનું નિરાળું રૂપ નીપજી આવ્યું છે.

આજે ઘણું બધું લખાય-છપાય છે પણ એમાંનું મોટાભાગનું ચોકઠામાં જકડાયેલું, નર્યું બીબાંઢાળ હોય છે. આ સ્થિતિમાં, અરૂઢ વાક્યવિન્યાસ જ નહીં, સ્વામીદાદાની ભાષામાં કહું તો, ચોંટડુક અલંકારો પણ તમે કેવા અરૂઢ પ્રયોજ્યા છે ? એકાદ-બે દૃષ્ટાંતો તારવી આપું અહીં ?

અગવડનો ઉલ્લેખ ઘેર ગયો... ભૂમિપૂજને મારી આંખ : ઇઝરાયેલની 'ટપક' ખેતી ! ..... ભાષા મરચાંની ભૂકી... પ્રમાદે પીર... ધમાલે ઢંકાયેલા ધરમનો ઉઘાડ... આ છેલ્લા દૃષ્ટાંતમાં મૂર્ધન્ય વર્ણોએ બે
અથવા તો કહો, કાનની જ

એક ચિંતાજનક શુભેચ્છા
મોટા છો તોય ? વસંતભ

Library
IIAS, Shimla
GJ 891.478 P 217 O
00130208

તા. ૩૧-૧-'૯૪ તમારો રમેશ ર. દવે

SHBHRTH : I HSHRHT
000883 Ahmedabad
ODKAR ANANDNO GOJ.
MRP : Rs. 10